[ VOLUME 5 I ISSUE 2 I APRIL – JUNE 2018] E ISSN 2348 –1269, PRINT ISSN 2349-5138

# ફળપાકની વિશેષતાઓ

**અશોક કે. ભોયા**
સી.એમ.જાકાસણીયા હાઈસ્કૂલ, જેતપર(મચ્છુ)
તા.,જી. મોરબી 363630.

Received: Feb. 18, 2018 Accepted: March 22 , 2018

સામાન્ય ખેતી કરતાં ફળપાક ખેતીની લાક્ષણિકતાઓ અલગ જોવા મળે છે. ફળ પાકની નફાકારકતાનો અભ્યાસ કરતાં પહેલા તેની લાક્ષણિકતાનો અભ્યાસ કરવો જરૂરી બની જાય છે. ફળપાકની લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે.

**(૧) ઉપજ મળવાનો સમયગાળો લાંબો હોય છે. :** ધાન્ય વર્ગ તથા શાકભાજી વર્ગની ખેતી વર્ષની અંદર ઉપજ આપે છે. ફળપાકોમાં ફળ આપવાનો સમયગાળો સામાન્ય રીતે પાંચ-છ વર્ષ લાગે છે, તો કેટલાક પાકોમાં ૧૦ થી ૧૫ વર્ષ સમય લાગે છે, જયારે કેટલાક ફળપાકો જેવા કે પપૈયાં, કેળાં જેવા પાકો એક વર્ષમાં ઉપજ આપે છે. સામાન્ય રીતે મોટા ફળપાકોનો ઉપજ આપવાનો સમયગાળો મોટો છે.

**(૨) વધુ મૂડીરોકાણ :** ફળપાકના વૃક્ષોની વાવણી કરવા માટે ખાડા ખોદવા, છોડની ખરીધી કરવા, વૃક્ષ રોપાણ, ખાતર ખર્ચ, મજૂરીખર્ચ, વાડ કરવી, સિંચાઈ ખર્ચ, આવશ્યક સાધનોની ખરીદી વગેરે શરૂઆતી ખર્ચ વધુ આવે છે. આ ઉપરાંત ફળપાકના બગીચા તૈયાર કર્યા પછી જાળવણી ખર્ચ, કાતર ખર્ચ, જંતુનાશક દવા, છટણી, મજૂરી ખર્ચ વગેરે ઉપજ આવે તે પછી પણ સતત ખર્ચ થાય છે. ફળપાકોની ઉપજ સામાન્ય રીતે ૫ વર્ષથી લઈને ૧૦-૧૫ વર્ષે પણ ચાલુ થાય છે અને આ સમયગાળો પાકોની જાતો પર નિર્ભર રહે છે અને સમયગાળા સાથે મૂડીરોકાણ પણ વધુ થાય છે. ફળપાક માત્ર શરૂઆતી ખર્ચ જ નહીં પણ ખેડૂતે ધિરાણ લઈને કે પોતાની મૂડીથી ફળપાક તૈયાર કરે તો તે મૂડી પર વ્યાજના ખર્ચની પણ ગણતરી કરવી જરૂરી છે. આમ, ફળપાક સામાન્ય પાકો કરતાં વધુ મૂડીરોકાણ માંગી લે છે.

**(૩) સ્થાયી ખેતી :** ફળપાકની વિશેષતા એ છે કે તે સ્થાયી પાક છે માટે ખેડૂત વારંવાર તેની ફેરબદલી કરી શકતો નથી. સામાન્ય ખેતીમાં ફેરબદલી થઈ શકે છે. ખેતરમાં એક પાક નિષ્ફળ જાય તો બીજા પાકની વાવણી થઈ શકે છે. પરંતુ ફળપાકોમાં એકવાર ફળપાકના વૃક્ષનું વાવેતર થયા પછી મૂડીરોકાણ પણ વધુ થાય છે અને ઉત્પાદન લાંબાગાળે મળતું હોવાથી તેની ફેરબદલી કરવી સરળ નથી.

ફળપાકનું આર્થિક વિશ્લેષણ કર્યા વગર ખેતી કરવી જોખમરૂપ છે, કારણ કે ખાસ પરિસ્થિતિમાં, વિશેષ વિસ્તાર (ક્ષેત્ર)માં ફળપાક પર્યાપ્ત આવક આપશે કે નહીં તે ત્યારે નક્કી થશે જ્યારે વૃક્ષો ફળ આપતા થશે, ત્યાં સુધીમાં તો પાકને ઘણા વર્ષો થયા હશે, ઘણું મૂડીરોકાણ થઈ જાય છે. આ સમયે પાકની ફેરબદલી કરવામાં આવે તો મૂડીરોકાણ વ્યર્થ જાય. આવા સમયે પાકની ફેરબદલી કરી શકાય નહી માટે વૃક્ષોની વાવણી પહેલા ફળપાકોનું આર્થિક વિશ્લેષણ કરી ઉચિત અનુમાન કરવું જરૂરી છે તેથી ભવિષ્યમાં કોઈ સમસ્યા ન આવે. આમ કૃષિ વિશેષજ્ઞનો આ મહત્વપૂર્ણ વિષય પર વિચારપૂર્વક ખેડૂતોને સલાહ આપે એ જરૂરી છે.

**(૪) અનિશ્ચિતતા, અસ્થિરતા અને જોખમ :** ફળપાકની આવકમાં ઘણી અનિશ્ચિતતા, જોવા મળે છે. સમાન્ય પાકની તુલનમાં આવક ઘણી અનિશ્ચિત જોવા મળે છે. ફળોમાં ફૂલ ખીલવાનો સમયગાળો ઓછો અને ફળ આવવા માટે અનુકૂળ સમયગાળો ખુબ મહત્ત્વપૂર્ણ છે. મોટા ભાગના ફળોમાં પાકના અન્ય વૃક્ષોના ફૂલોથી પરાગિત થવું જરૂરી હોય છે, ત્યારે જ તેમાં ફળ આવે છે. આ પ્રક્રિયા ત્યારે જ થઈ શકે જયારે ફૂલ પૂરેપૂરા ખીલેલા હોય. જો આ સમયે મોસમ પ્રતિકૂળ બને તો મધમાખી અને અન્ય ભમરાઓ સારી રીતે આ પ્રક્રિયા કરી શકતા નથી અને ફૂલો પરાગિત થઈ શકતા નથી. તેથી ફળ ઓછા આવવાથી પાક ઓછો થાય છે. આ ઉપરાંત મોટા ભાગના ફળ વૃક્ષોના ફૂલો નાજુક હોય છે, જો વધુ ઠંડી કે વરસાદ, વધુ ગરમી કે વાવાઝોડું હોય તો ફૂલ નાશ પામે છે અને પુષ્પગર્ભ પણ સારી રીતે વિકાસ પામતો નથી. આમ ફળપાક સામાની રીતે મોસમ પર આધાર રાખે છે અને મોસમમાં અનિશ્ચિતતા જોવા મળે છે.

પાકના ફૂલો તો નાજુક હોય જ છે પણ ફળ આવ્યા પછી વાવાઝોડાને કારણે ફળ તૂટી પડે છે. આમ, ફળ પાક તૈયાર થાય ત્યાં સુધીમાં તો કુદરતી ઘટનાઓને કારણે ઘણું નુકસાન થાય છે અને ભારતમાં ફળપકના નુકસાન પર વીમાની વ્યવસ્થા નથી. જયારે અન્ય સામાન્ય ફલોમાં નુકસાન થાય તો તરત ને તરત પાકની ફેરબદલી કરી જમીનમાંથી અન્ય પાક લઈ શકાય

છે. ફળ ઉત્પાદનમાં અનિશ્ચિતતા તથા કુદરતી જોખમો વધુ રહેલા છે. ક્યારેક આખો પાક નિષ્ફળ જાય તો પણ તેને જાળવણી ખર્ચ તો લાગે જ છે અને પાકની ફેરબદલી કરવી મુશ્કેલ છે.

**(૫) જટિલ વેચાણ વ્યવસ્થા :** સામાન્ય રીતે અનાજ, કઠોળ, તૈલિબિયા, રોકડિયા પાકોનું વેચાણ સ્થાનિક રીતે સરકારી, સહકારી કે ખાનગી બજારમાં વેચાણ કરવામાં આવે છે, ક્યારેક સરકારી એજન્સી દ્વારા ટેકાના ભાવોથી ખરીદી કરવામાં આવે છે. તેથી આ પાકોના વેચાણ માટે ખેડૂતોને વધુ મુશ્કેલી ઊભી થતી નથી. જયારે ફળએ ટૂંકા ગાળામાં નાશ પામે છે. ફળને તોડયા પછી તરત જ વેચાણ કરવું જરૂરી બને છે કારણ કે ભારતમાં ઊંચું તાપમાન હોવાથી, ઊંચા તાપમાને ફળ જલ્દીથી બગડી જાય છે. ફળ પાકનું વેચાણ અને ક રીતે કરવામાં આવે છે. જેમાં દલાલો, સ્થાનિક વેપારીઓ, છૂટક વેપારી, જથ્થાબંધ વેપારી વગેરે હોય છે. ફળને સંગ્રહ કરવા માટે વાતાનુકૂલિત ટ્રક, રેલગાડી વગેરેનો અભાવ હોવાથી ફળનો બગાડ જલ્દી થાય છે. તેથી ફળપાકના વેચાણ સમયે ખેડૂતને ઘણી સમસ્યાનો સામનો કરવો પડે છે. મંડીમાં ફળ પહોચાડ્યા પછી પણ ફળોને વધુ દિવસ સાચવી શકાતા નથી તેથી ફળ બગાડવાનો ભય સતત રહેતો હોય છે. આથી તરત ને તરત ફળને ઓછા ભાવે પણ વેચાણ કરવું પડે છે, જે દરરોજના ભાવો પર આધાર રાખવો પડે છે. ક્યારેક ફળની માંગ કરતાં પુરવઠો વધુ હોય તેવા સમયે તો ભાવ ખુબજ ઓછા મળે છે. આખરે ખેડૂતની આવક ઓછી થાય છે.

**(૬) ઉત્પાદન અને વૃક્ષોની વ્યવસ્થા :** સામાન્ય રીતે અનાજ અને કઠોળ વર્ગની ખેતીમાં જરૂરીયાત પૂરતું જ ખાતર નાખવામાં આવેછે. જરૂરીયાત કરતાં વધુ ખાતર નાખાવામાં આવે તો તે જમીનના નીચેના ભાગમાં ઉતારી જાય છે. અને બીજી વખત પાક લેવાનું થાય ત્યારે આ ખાતર બીજીવાર ઉપયોગમાં આવતું નથી કારણ કે, આ વર્ગના પાકોને જમીનના ઉપલા પડમાંથી પોષક તત્વો મળે છે. બીજી બાજુ ફળ વૃક્ષના મૂળ ખૂબ ઊંડે સુધી હોય છે. માટે વર્ષો પહેલા નાખેલા ખાતર કે રસાયણ આવે તો તેનો નાસ થતો નથી, પણ તેનો ઉપયોગ ફળ વૃક્ષ કરી લે છે. માટે કેટલીક વાર તો ફળ પાકની વાવણી કર્યા પહેલા ભવિષ્ય માટેના ખાતરો જમીનમાં નાખવામાં આવે છે. અને તે ધીમે ધીમે વૃક્ષ મેળવે છે. ફોસ્ફરસ જમીનમાં લાંબા સમય સુધી સચવાય રહે છે. જ્યારે નાઇટ્રોજન વૃક્ષને ત્યારે મળવું જોઈએ જ્યારે વૃક્ષની વૃદ્ધી થઈ રહી હોય.

જંતુનાશક દવાના છંટકાવમાં સામાન્ય અને ફળ ખેતીમાં અંતર જોવા મળે છે. સામાન્ય ખેતીના પાક જમીનમાં ત્રણ ચાર મહિના કે એક વર્ષ સુધી હોય છે. એની કાપણી માટે લાગુ પડેલ પ્રમાણ ભીન્ન હોય શકે છે. જ્યારે વૃક્ષપાકો જમીનમાં વર્ષો સુધી રહે છે. તેથી તેના પર અમુક કીટકો તથા રોગ ઘર કરી જાય છે અને જ્યારે અનુકૂળ વાતાવરણ આવે ત્યારે આક્રમણ કરે છે. માટે વૃક્ષો પર સમય સમય પર જંતુનાશક દવાનો છંટકાવ કરવો અતિ આવશ્યક છે. સાથે એ પણ ધ્યાન રાખવું પડે છે. કે જંતુનાશક દવાનો પટ ફળ તોડતા પહેલા નાશ પામે માટે રસાયણ ના વપરાશમાં સાવધાની રાખવી પડે છે.

સમશીતોષ્ણ ફળોમાં વૃક્ષોની છટણી ખૂબ જ મહત્વ ધરાવે છે. છટણી કાર્ય એ ખૂબ જ આવડત માંગી લેતું કાર્ય છે. માટે ખેડૂત ને તેની જાણકારી હોવી જરૂરી છે. છટણીની સંપૂર્ણ જાણકારી મેળવ્યા પછી વૃક્ષના અન્ય લક્ષણો તથા છટણીના વિવિધ પ્રકારો ખૂબ જ મહત્વપુર્ણ વિષય બની જાય છે. છટણી દર વર્ષે એટલા માટે કરવી પડેછે, જેથી વૃક્ષપાકો સારી ઉપજ આપતા રહે. આમ, આ બધા કારણો થી ફળપાકની ખેતી કરવા માટે ખેડૂતોને જ્ઞાન અને આવડતમાં વધારે પાવરધું બનવું પડે છે.

**સમાપન**

આગળના મુદ્દાઓમાં આપેલા તથ્યોના આધારે સ્પષ્ટ થાય છે. કે ફળપાકની ખેતી અને સામાન્ય ખેતીમાં ઘણો તફાવત છે. ફળપાકોની ખેતી કરવા માટેનો નિર્ણય વિચાર્યા વગર કરવો જોઈએ નહી. કારણ કે આ ખેતીમાં વિષેશ રીતે અનિશ્ચિતતા અને અનેક જોખમો જોવા મળે છે. દરેક ભૌતિક અને નાણાંકિય બાબતોને ધ્યાનમાં રાખી ફળપાકોનો નિર્ણય લેવો જોઈએ. ફળપાક એ સ્થાયી ખેતી છે. માટે ધ્યાન આપવું જોઈએ કે ખર્ચ કરતાં આવક વધુ થવી જોઈએ. ભવિષ્યની આવક નિશ્ચિત અને સુરક્ષિત હોય તો જ ફળપાકની ખેતીનો નિર્ણય લઈ શકાય. આવક અને ખર્ચના દરેક ઘટકો પર વિચાર કરી નાણાકીય વિશ્લેષણ કરવું પડે છે. દરેક બાબતોને ધ્યાનમાં લીધા વગર ફળપાકની ખેતી કરવામાં આવે તો ભવિષ્યમાં મોટું નુકસાન સહન કરવું પડે છે. તેથી દરેક નાણાકીય પાસાનું વિશ્લેષણ ફળ પાકની ખેતી કરવી અતિ આવશ્યક છે.

**Bibliography**

Johl S S and kapur T R. (1977). *ffundamentals of farm business managemaent.* ludhiana : kalyani publishers .
कंवर, स. म. (२००१). *फलोत्पादन का अर्थशास्त्र.* नई दिल्ली: भारतीय कृषि अनुसंधान परिषद, नई दिल्ली.
कीर्तिसिंह. (१९९३). *बागबानी.* दिल्ली: दिल्ली विश्वविधालय.
*ખેડૂત માર્ગદર્શિકા ભાગ- ૨.* (૨૦૦૬). નવસારી: નવસારી કૃષિ યુનિવર્સીટી.